પરમેશ્વર ઈસુનું આ ધરતી પર બહું જ જલદી આગમન થવાનુંછે. આ વાત સ્વયં પ્રભુ ઈસુને કહી છે. ૨૦૦૦ વર્ષ પહેલાં જ્યારેએ આ ધરતી પર હતા (યોહાન ૧૪ : ૩-૪). તમે એમ વિચારતા હશો કે પ્રભુ ઈસુ સાચે જ આ ધરતી પર પાછા આવવાના છે એ હું કઈ રીતે માની લઉ? પ્રભુ ઈસુને એમના ધરતી પરના પુનરાગમન પહેલાં કઈ અને કેવી કેવી ઘટનાઓ ઘટી હતી, એ વિષયમાં જે અગમવાણી કરી છે તેને તમે ધ્યાન પૂર્વક વાંચો. શાસ્ત્રની આ વાણી વાંચી વર્તમાન સમયમાં તમારી આસપાસ તથા અન્ય રાષ્ટ્રોમાં બની રહેલી ઘટનાઓને સરખાવી જુઓ જે તમને પ્રમાણ કરશે કે પ્રભુ ઈસુ આપણા જીવન કાળમાં જ આ ધરતી પર સાચે જ આવનારા છે.

### ૧ મંદિરનો વિનાશ

જયારે પ્રભુ ઈસુ મંદિરમાંથી નીકળીને માર્ગમાં ચાલતા જઈ રહ્યા હતા ત્યારે તેના શિષ્યો તેને મંદિરનાં બાંધકામો દેખાડવાને તેની પાસે આવ્યા અને ઈસુએ તેને કહ્યુ કે શું તું એ મોટાં બાંધકામો જુએ છે? પાડી નહિ નંખાય એવો એક પણ પથ્થર બીજા પર અહી રહેવા દેવાશે નહિ (માથ્થી ૨૪ : ૧-૨; માર્ક ૧૩ : ૧-૨; લૂક ૨૧ : ૫-૬). આ ખરેખર ૭૦ મી સદી મા પુરુ થયુ હતુ.

### ૨ આવવાના સંકેત

યારે પ્રભુ ઈસુ જૈતૂનના પહાડ પર મંદિરની સામે તે બેઠો હતો ત્યારે પિતરે તથા યાકૂબે તથા યોહાન તથા અન્દ્રિયાએ તેને એકાંતમાં પૂછ્યું કે હે ગુરુ ! અમને કહો કે એ ક્યારે થશે? અને જ્યારે એ બધાં પૂરાં થવાનાં હશે, ત્યારે શું ચિહ્ન થશે? (માથ્થી ૨૪ :૩; માર્ક ૧૩ : ૩-૪; લૂક ૨૧ : ૭).

### ૩ દગાબાજ ઉભા થશે

ત્યારે પ્રભુ ઈસુએ તેઓ ને ઉત્તર દીધો કે સાવધાન રહો કે તમને કોઈ ભૂલાવે નહિ કેમકે હું તો ખ્રિસ્ત છું એમ કહેતા ઘણા મારે નામે આવશે તે તેઓ ઘણાને ભૂલાવશે પણ તેઓની પછવાડે જશો નહિ (માથ્થી ૨૪ : ૪-૫; માર્ક ૧૩ : ૫-૬; લૂક ૨૧ : ૮).

### ૪ યુદ્ધ અને યુદ્ધની અફવાઓ

યારે તમે લડાઈઓ અને લડાઈઓની અફવાઓ તમારા સાંભળવામાં આવશે. પણ જો જો ગભરાતા ના, કેમકે એ બધુ થવાની અગત્ય છે. પણ તેટલેથી અંત નહિ આવે (માથ્થી ૨૪ : ૬; માર્ક ૧૩ : ૭; લૂક ૨૧ : ૯).

### ૫ જાતિવાદ, યુદ્ધ, ભૂકંપ, દુકાળ, રોગચાળો

વળી તેણે તેઓને કહ્યુ કે પ્રજા પ્રજાની વિરુદ્ધ તથા રાજ્ય રાજ્ય વિરુદ્ધ ઊઠશે અને મોટા મોટા ધરતી કંપો થશે તથા ઠામે ઠામે દુકાળો પડશે તથા રોગચાળો ફાટી નીકળશે અને આકાશમાંથી ભયંકર ઉત્પાત તથા મોટાં મોટાં ચિહ્નો થશે (માથ્થી ૨૪ : ૭; માર્ક ૧૩ : ૮; લૂક ૨૧ : ૧૦ ૧૧).

### ૬ પણ એ બધાં તોદુ:ખોનો આરંભ જ છે (માથ્થી ૨૪ : ૮; માર્ક ૧૩ : ૮).

### ૭ ઈસાઈયો પર જુલમ કરાશે

પણ પોતા વિષે સાવધાન રહો કેમકે તેઓ તમને ન્યાયસભાઓને સોંપશે, અને સભાસ્થાનોમાં તમે કોરડાના માર ખાશો અને તમે મારે લીધે હાકેમો તથા રાજાઓની આગળ તેઓને માટે શાહેદી થવા સારુ ઊભા કરાશો (માથ્થી ૨૪ : ૯; માર્ક ૧૩ : ૯; લૂક ૨૧ : ૧૨-૧૩).

### ૮ અને જ્યારે તેઓ તમને લઈ જઈને પરસ્વાધીન

કરશે ત્યારે શું બોલીએ એ વિષે અગાઉથી ચિંતા ન કરો પણ તે વેળા તમને જે આપવામાં આવશે તે બોલો કેમકે બોલનાર, તે તમે નહિ પણ પવિત્ર આત્મા છે (માર્ક ૧૩ : ૧૧; લૂક ૨૧ : ૧૪-૧૫).

### ૯ પરિવારોમાં વિશ્વાસઘાત

અને તે વેળાએ ઘણા ઠોકર ખાશે ને ભાઈ ભાઈને તથા બાપ છોકરાને મરણદંડને સારુ પરસ્વાધીન કરશે અને છોકરાં પોતાના મા બાપની સામે ઊઠશે, ને તેઓને મારી નંખાવશે. અને મારા નામને લીધે સહુ તમારો દ્વેષ કરશે. પણ તમારા માથાનો એક નિમાળો પણ નાશ પામશે નહિ. તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો (માથ્થી ૨૪ : ૯-૧૦; માર્ક ૧૩ : ૧૨-૧૩; લૂક ૨૧ : ૧૬-૧૯).

### ૧૦ રેમ ઠંડો પડશે

અને અન્યાય વધી જવાના કારણથી ઘણા ખરાનો પ્રેમ ઠંડો થઈ જશે, પણ અંત સુધી જ કોઈ ટકશે તે જ તારણ પામશે (માથ્થી ૨૪ : ૧૨-૧૩).

### ૧૧ અને સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ

રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, અને ત્યારે જ અંત આવશે (માથ્થી ૨૪ : ૧૪; માર્ક ૧૩ : ૧૦).

### ૧૨ ઉજ્જડતાની યરુશાલેમમાં ઘૃણા

જ્યારે તમે યરુશાલેમને ફોજોથી ઘેરાયેલું તમે જોશો ત્યારે જાણજો કે તેનો ઉજ્જડ થવાનો (સમય) પાસે આવ્યોછે (લૂક ૨૧:૨૦). અને એ માટે ઉજ્જડની અમંગળપણા (નીનિશાની) જે સંબંધી દાનિયેલ પ્રબોધકે કહેલુ છે. તેને જ્યારે તમે પવિત્ર જગાએ ઊભેલી જુઓ (જે વાંચે તે સમજે) ત્યારે જેઓ યહૂદિયોમાં હોય તેઓ પહાડો પર નાસીજાય ધાબા પર જે હોય તેપોતાના ઘરમાંનો સામાન લેવાને ન ઉતરે અને જે ખેતરમાં હોય તે પોતાનું લૂગડું લેવાને પાછો ન ફર(માથ્થી ૨૪ : ૧૫-૧૮; માર્ક ૧૩ : ૧૪-૧૬ ; લૂક ૨૧ : ૨૧). અને તે દિવસમાં જે ગર્ભવતી હોય તથા જેઓ ધવડાવતી હોય તેઓને અફસોસ છે, પણ તમારુ નાસવુ શિયાળામાં કે વિશ્રામવારે ન થાય તે મારે તમે પ્રાથના કરો (માથ્થી ૨૪ : ૧૯-૨૦; માર્ક ૧૩ :૧૭-૧૮; લૂક ૨૧ :૨૩). તેઓ તલવારની ધારથી માર્યા જશે અને ગુલામ થઈને બધા દેશોમાં લઈ જવામાં આવશે અને વિદેશીઓના સમયો પૂરા નહિ થશે, ત્યાં સુધી યરૂશાલેમ વિદેશીઓથી ખૂંદી નંખાશે (લૂક ૨૧ : ૨૪).

### ૧૩ જેકોબનો મુસીબતનો સમય

(યર્મિયા ૩૦ : ૬-૭).
કેમકે તે દહાડાઓમાં જેવી વિપત્તિ થશે તેવી વિપત્તિ દેવે સૃજેલી સૃષ્ટિના આરંભથી તે હજી સુધી થઈ નથી ને થશે પણ નહિ. અને જો પ્રભુએ એ દહાડાઓને ઓછા કર્યા ન હોત તો કોઈ માણસ બચત નહિ પણ જે પસંદ કરેલાઓને તેણે પસંદ કર્યા તેઓને તેણે એ દહાડાઓને ઓછા કર્યા છે (માથ્થી ૨૪ : ૨૧-૨૨; માર્ક ૧૩ : ૧૯-૨૦; લૂક ૨૧ : ૨૩). કેમકે એ વૈર વાળવાના દિવસો છે જેથી જે જે લખેલું છે તે બધું પૂરું થાય (લૂક ૨૧ : ૨૨).

### ૧૪ જુઠા મસીહ અને ભવિષ્યવક્તાઓ

અને તે વેળાએ જો કોઈ તમને કહે કે જુઓ અહીં ખ્રિસ્તો છે કે જુઓ તે ત્યાં છે તો માનતા ના કેમકે જુઠા ખ્રિસ્તો તથા જુઠા પ્રબોધકો ઉઠશે અને ચમત્કારો તથા અદ ભૂત કામો કરી દેખાડશે એ માટે કે જો બની શકે તો તેઓ પસંદ કરેલાઓને પણ ભૂલાવામાં નાખે પણ તમે સાવધાન રહો જુઓ મે તમને સઘળુ અગાઉથી કહ્યુ છે (માથ્થી ૨૪ : ૨૩-૨૪; માર્ક ૧૩ :૨૧-૨૩). એ માટે જો તેઓ તમને કહે કે જુઓ તે રાનમાં છે તો બહાર ન જતા જુઓ તે ઓરડીઓમાં છે તો ન માનતા કેમકે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે તેમજ માણસના દીકરાનું આવવું થશે (માથ્થી ૨૪ : ૨૬-૨૭; લૂક ૧૭ : ૨૩-૨૪).

### ૧૫ આકાશમાં સંકેત

અને તે દહાડાઓની વિપત્તિ પછી સૂરજ તરત અંધકારરૂપ થઈ જશે ને ચંદ્ર પોતાનું અજવાળું નહિ આપે ને આકાશથી તારા ખરશે ને આકાશનાં પરાક્રમો હલાવશે (માથ્થી ૨૪ : ૨૯; માર્ક ૧૩ :૨૪-૨૫; લૂક ૨૧ : ૨૫). સૂરજ, ચંદ્ર તથા તારાઓમાં ચિહ્નો થશે પૃથ્વી ઉપર પ્રજાઓ, સમુદ્ર તથા તેનાં મોજાંઓની ગર્જનાથી ત્રાસ પામીને ગભરાશે. અને પૃથ્વી ઉપર



જે અવી પડવાનુ છે તેની બીકથી તથા તેની વકોથી ગણસો નિર્ગત તશે ; કમ કે આકાશમાંનાં પમો હાલી ઊઠશે (લૂક ૨૧: ૨૫-૨૬).

૧૬ અને ત્યારે માણસના દીકરાની નિશાની આકાશમાં દેખાશે ને ત્યારે પૃથ્વી પરનાં સઘળાં કુળો શોક કરશે, અને માણસના દીકરાને પરાક્રમ તથા મોટા મહિમા સહિત તેઓ આકાશના મેઘ પર આવતો દેખશે અને રણશિંગડાના મોટા અવાજ સહિત તે પોતાના દૂતોને મોકલશે ને તેઓ ચારે દિશામાંથી આકાશના એક છેડાથી તે બીજા છથેડા સુધી તેના પસંદ કરેલાઓને એકઠા કરશે (માથ્થી ૨૪: ૩૦-૩૧; માર્ક ૧૩ : ૨૬-૨૭; લૂક ૨૧: ૨૭)

૧૭ પણ આ વાતો થવા લાગે ત્યારે તમે નજર ઉઠાવીને તમારાં માથાં ઊચાં કરો કેમકે તમારો ઉદ્ધાર પાસે આવ્યો છે એમ સમજવું (લૂક ૨૧: ૨૮).

૧૮ તેણે તેઓને એક દ્રષ્ટાંત કહ્યુ કે અંજીરી તથા સર્વ ઝાડોને જુઓ તેઓ જ્યારે ફૂટવા માંડે છે ત્યારે તમે તે જોઈને પોતાની મેળે જાણો છો કે ઉનાળો નજીર આવ્યો છે તેમ જ તમે પણ આ સઘળાં થતાં જુઓ ત્યારે જાણજો કે દે વનું રાજ પાસે છે (માથ્થી ૨૪ : ૩૨-૩૩; માર્ક ૧૩ : ૨૮-૨૯ ; લૂક ૨૧ : ૨૯-૩૧). પણ તે દહાડા તથા તે ઘડી સંબંધી બાપ વગર કોઈ પણ તે દહાડા તથા તે ઘડી સંબંધી બાપ વગર કોઈ પણ જાણતો નથી. આકાશના દૂતો નહિ તેમ જ દીકરો પણ નહિ (માથ્થી ૨૪ :૩૬; માર્ક ૧૩ :૩૨).

૧૯ અને જેમ નૂહના સમયમાં થયુ તેમજ માણસના દીકરાનું આવવું પણ થશે. કેમકે જેમ જળપ્રલયની આગાઉ નૂહ વહાણમાં ચઢી બેઠો ત્યાં સુધી તેઓ ખાતાપીતા ને પરણતા પરણાવતા હતા. અને જળ પ્રલય આવીને સહુને તાણી લઈ ગયો ત્યાં સુધી તેઓ ન સમજ્યા તેમ જમાણસના દીરકાનું આવવું પણ થશે (માથ્થી ૨૪: ૩૭-૩૯; લૂક ૧૭: ૨૬-૨૭).

જુઓ એન્જલ ટીવી
www.angeltv.org

૨૦ તેમજ લોતના દિવસોમાં પણ થયું તેઓ ખાતાપીતા વેચાતુ લેતા, આપતા, રોપતા, બાંધતા હતા, પણ લોત સદોમમાંથી નીકળ્યો તે દિવસે આગ તથા ગંધર આકાશમાંથી વરસ્યા અને તેથી બધાનો નાશ થયો જે દિવસે માણસનો જ દીકરો પ્રગટ થશે તે દિવસે તે પ્રમાણે થશે (લૂક ૧૭: ૨૮-૩૦).

૨૧ લોતની પત્નીને સંભારો. જે કોઈ પોતાનો જીવ બચાવવા પ્રયત્ન કરશે, તે તેને ખોશે, અને જે કોઈ તેને ખોશે તે તેને બચાવશે (લૂક ૧૭: ૩૨-૩૩).

૨૨ હું તમને કહુ છુ કે તે રાત્રે એક ખાટલામાં બે જણ હશે તેમાંનો એક લઈ લેવાશે અને બીજો પડતો મુકાશે. બે સ્ત્રી સાથે દળતી હશે તેમાંથી એક લઈ લેવાશે અને બીજી પડતી મુકાશે. ખેતરમાં બે જણ હશે તેમાંનો એક લેવાશે અને બીજો પડતો મુકાશે (માથ્થી ૨૪ : ૪૦-૪૧; લૂક ૧૭: ૩૪-૩૬). તેઓ એ તેને પૂછ્યુ કે પ્રભુ ક્યાં? તેણે તેઓને કહ્યુ કે જ્યાં મુડદ્દ હશે ત્યાં ગીધો પણ એકઠાં થશે (માથ્થી ૨૪: ૨૮; લૂક ૧૭: ૩૭).

૨૩ સાવધાન રહો અને જાગતા રહીને પ્રાથના કરો
તે આ પ્રમાણે છે કે જાણે કોઈ પરદેશમાં પ્રવાસ કરનાર માણસે પોતાનું ઘર છોડીને પોતાના ચાકરોને અધિકાર આપીને, એટલે પ્રત્યેકને પોતપોતાનું કામ સોંપીને દરવાનને પણ જાગતો રહેવાની આજ્ઞા આપી હોય માટે તમે જાગતા રહો કેમકે તમે જાણતા નથી કે ઘરનો ધણી ક્યારે આવશે, સાંજે કે મધરાતે કે, મરઘો બોલતી વખતે કે સવારે રખેને તે અચાનક આવીને તમને ઊઘતાં જુએ (માર્ક ૧૩ : ૩૪-૩૬).

૨૪ પણ એ જાણો કે ચોર કયે પહોરે આવશે એ જો ઘરધણી જાણતો હોય, તો તે જાગતો રહેત, ને પોતાના ઘરમાં તેને ખાતર પાડવા ન દેત. એ માટે તમે પણ તૈયાર રહો કેમકે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે (માથ્થી ૨૪: ૪૩-૪૪).

૨૫ પણ તમે પોતાના વિષે સાવધાન રહો રખેને અતિશય ખાનપાનથી તથા સંસારી ચિંતાથી તમારાં મન જડ થઈ જાય, જેથી તે દિવસ ફાંદાની પેઠે તમારા પર ઓચિંતો આવી પડશે, કેમકે તે દિવસ આખી પૃથ્વી ઉપરના સર્વ વસનારા પર આવી પડશે (માર્ક ૧૩ :૩૩ ; લૂક ૨૧: ૩૪-૩૫).

૨૬ પણ હર વખત જાગતા રહો અને વિનંતી કરો કે આ બધું જે થવાનું છે તેમાંથી બચી જવાને તથા માણસના દીકરાની આગળ ઊભા રહેવાને તમે પ્રબળ થાઓ (લૂક ૨૧: ૩૬).

૨૭ હું તમને ખચીત કહુ છું કે બધાં પૂરાં નહિ થશે ત્યાં સુધી આ પેઢી ગુજરી નહિ જશે. આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ (માથ્થી ૨૪: ૩૪-૩૫; માર્ક ૧૩ : ૩૦-૩૧ ; લૂક ૨૧: ૩૨-૩૩).

ગૌરવના સિંહાસન પર બિરાજેલા પ્રભુ ઈસુનું તેમની મહાન શક્તિઓ તથા પવિત્ર દેવદૂતો તથા મહાત્મા સાથે બહુ જ જલદી આગમન થશે.

તે મોટે સાદે કહે છે કે દેવથી બીહો ને તેને મહિમા આપો કેમકે તેના ન્યાયકરણનો સમય આવ્યો છે અને જેણે આકાશ તથા પૃથ્વી તથા સમુદ્ર તથા પાણીના ઝરાઓને ઉત્પન્ન કર્યા તેની આરાધના કરો !

(પ્રકટીકરણ 14: 7)

## હવે વિલંબ થશે નહિ!

સ્વર્ગ આ રાજ્યનું બહુજ જલદી આગમન થશે
પશ્ચાતાપ કરો અને સુવાર્તાનો વિશ્વાસ કરો

તમે તમારા પ્રભુ પરમેશ્વરને મળવા માટે તૈયાર થઈ જાઓ



# દેવ રાજ્યની આ સુવાર્તા

ગુજરાતી | GUJARATHI